સહાયક ભાષાંતરકાર, વર્ગ-૩ (જા.ક્ર.:૧૦૨/૧૧-૧૨)ની સ્પર્ધાત્મક પરીક્ષા, તા.૧૫ અને ૧૬-૦૯-૨૦૧૨, પેપર-૧:સામાન્ય ગુજરાતી

**DWR-1**

Seat No.__________

**2012**

# સામાન્ય ગુજરાતી : પ્રશ્નપત્ર - ૧

Time : 2 Hours] [Total Marks : 100

૧ નીચેના ગદ્યખંડનો એક તૃતીયાંશ જેટલો સંક્ષેપ કરો : ૧૫

મહાત્માજીનું બધું ગદ્ય, વ્યાખ્યાનો, લેખો વગેરે સર્વજનતાને ઉદ્દેશીને લખેલું હોય છે. એવા કેટલાક વિદ્વાનો હોય છે, જેઓ પોતાનું સાહિત્ય માત્ર વિદ્વાનો માટે જ હોય છે એમ માને છે અને એમાં એમને કશું ખોટું લાગતું નથી. ગાંધીજી સર્વને માટે લખે છે, તેઓ સર્વના ઉદય માટે લખે છે અને માટે સર્વ સમજે એવું લખે છે. ધર્મનીતિ એ સર્વને સમજવાનો અને સમજાવવાનો વિષય છે. તેમણે કહ્યું છે કે મને જેમાંથી લાભ થયો હોય તે વસ્તુ સર્વ સમજે અને ફાવે તેનો લાભ લે એમ હું ઈચ્છું છું. તેમનામાં આખી જનતા માટે પ્રેમ છે અને માટે તેઓ આખી જનતા માટે લખે છે. સર્વ સમજે એવું એમનું લખાણ ન થાય ત્યાં સુધી તેઓ તેને અપૂર્ણ માને. આને લીધે તેમની ભાષા, વાક્ય રચના, દાખલા દલીલ, સર્વ સાદા અને સર્વ સમજે એવાં હોય છે. તેમનાં વાક્યો ટૂંકાં હોય છે. ટૂંકાં વાક્યોના તો તેમને કલાકાર કહી શકાય. પણ સાદી ભાષાનો અર્થ ગૌરવ વિનાની નહિ, તેમની ભાષા વસ્તુના ગૌરવને બરાબર વ્યક્ત કરે છે. તેને માટે સંસ્કૃત શબ્દોની જરૂર હોય તો તેઓ સંસ્કૃત શબ્દો પણ વાપરે છે. તેમની ભાષા સાદી છતાં નિર્બળ નહિ, તેમના સંકલ્પનું આખું બળ, બધું ગૌરવ તેમના ગદ્યમાં નિર્વિઘ્ને વહી આવે છે અને સાદી ભાષા એટલે અચોક્કસ પણ નહીં. તેઓ શબ્દો જોખી જોખીને મૂકે છે. શબ્દ-પસંદગી માટે શબ્દની ચર્ચા કરતા મેં તેમને જોયા છે. અને જેમને સત્યનો આગ્રહ હોય એમને ભાષા અચોક્કસ રાખવી પાલવે પણ નહીં. તેઓ ચોક્કસ ભાષામાં મુદ્દાસર લખે છે. એક શબ્દ પણ વધારે પડતો ન આવી જાય તેને માટે તેઓ કાળજી રાખે છે. સત્યની ખાતર મિતભાષી, એ રઘુવંશનું વર્ણન એમને લાગુ પડે છે. અલબત્ત, એમને એકની એક વાત, અનેકવાર કહેવી પડે છે. પણ ક્યાંય એ મુદ્દા બહાર જતા નથી, અત્યુક્તિ કરતા નથી, સીધા મુદ્દા પર જાય છે.

- રામનારાયણ વિ. પાઠક

અથવા

१ નીચેના ગદ્યખંડનો સારાંશ લખો : १५

સારા ભાષાંતરના નીચેના ગુણ હોવા જોઈએ :

- એ જાણે સ્વભાષામાં જ વિચારાયું અને લખાયું હોય, એવું સહજ અને સરળ હોવું જોઈએ. જે ભાષામાંથી ઉતારાયું હોય, તે ભાષાના રૂઢિપ્રયોગો અને શબ્દોના વિશેષ અર્થો ન જાણનાર એને સમજી ન શકે, એવું તે ન હોવું જોઈએ.
- ભાષાંતરકારે જાણે મૂળ પુસ્તકને પી જઈને તથા પચાવીને એને ફરીથી સ્વભાષામાં ઉપજાવ્યું હોય, એવી એ કૃતિ લાગવી જોઈએ.
- આથી સ્વતંત્ર પુસ્તક કરતાં ભાષાંતર કરવાનું કામ હંમેશાં સહેલું નથી હોતું. મૂળ લેખક સાથે જે પૂરેપૂરો સમભાવી અને એકરસ થઈ શકે નહીં અને તેના મનોગતને પકડી લે નહીં, તેણે તેનું ભાષાંતર કરવું ન જોઈએ.
- ભાષાંતર કરવામાં જુદી-જુદી જાતોનો વિવેક કરવો જોઈએ. કેટલાંક પુસ્તકોનું અક્ષરશઃ ભાષાંતર કરવું આવશ્યક ગણાય. કેટલાંકનો માત્ર સાર આપી દેવો બસ ગણાય. કેટલાંક પુસ્તકનાં ભાષાંતર સ્વસમાજને સમજાય એ રીતે વેશાંતર કરીને જ આપવાં જોઈએ. કેટલાંક પુસ્તકો તે ભાષામાં ઉત્કૃષ્ટ ગણાતાં હોય છતાં, પોતાનો સમાજ અતિશય જુદા પ્રકારનો હોવાથી, તેના ભાષાંતરની સ્વભાષામાં જરૂર જ ન હોય; અને કેટલાંક પુસ્તકોના અક્ષરશઃ ભાષાંતર ઉપરાંત સારરૂપ ભાષાંતરની પણ જરૂર ગણાય.

**- મો. ક. ગાંધી**

२ નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો : २०

(१) દેશની સર્વસમસ્યાઓનું મૂળ - રાષ્ટ્રીય ચારિત્ર્યનો અભાવ

(२) હું જ મારો ઘડવૈયો

(३) શું લોકપાલ ભ્રષ્ટાચારને નાથી શકશે ?

(४) વૈશ્વિકીકરણ, ખાનગીકરણ, ઉદારીકરણ.

૩ (ક) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : ૧૦

(૧) કાંડાં કાપી આપવાં

(૨) ચાલતી ગાડીમાં બેસી જવું

(૩) નાકલીટી તાણવી

(૪) લાકડે માંકડું વળગાડવું

(૫) આબરૂનું લીલામ થવું.

(ખ) સંધિ છૂટી પાડો : ૫

પ્રણયોર્મિ, સમીક્ષા, નીરસ, મન્વન્તર, તલ્લીન

(ગ) સમાસનો વિગ્રહ કરી તેના પ્રકાર દર્શાવો : ૫

કામધેનુ, પીતામ્બર, અંદરબહાર, ગર્ભશ્રીમંત, ચોપાસ

(ઘ) વિરુદ્ધાર્થ શબ્દ દર્શાવો : ૫

કંકોતરી, ભૂચર, નિંદા, વ્યષ્ટિ, અર્વાચીન

(ચ) શબ્દસમૂહો માટે સામાસિક શબ્દો આપો : ૫

(૧) એક જ સમયમાં સાથે થઈ જનાર

(૨) જેનું એકેય સંતાન ગુજરી ન ગયું હોય તેવી સ્ત્રી

(૩) વણ તૂટેલા ચોખા

(૪) વસ્તુ ખૂટે નહિ તેવું પાત્ર

(૫) કરેલા ઉપકારને જાણે તે

૪ (અ) નીચેના શબ્દોની સાચી જોડણી લખો : ૧૦

કિરિટ, ગુપચૂપ, તપસ્વીની, ભુમિતી, પ્રિમિયમ, ફીલસુફિ, કવયીત્રિ, ખુબસૂરત, ચૂપકિદી, નીમણુંક

(આ) નીચેના પરિચ્છેદને ભાષા, જોડણી અને વિરામ ચિહ્નોની દૃષ્ટિએ સુધારીને લખો : ૧૦

જીવનનું ઘડતર કરી જીવનવીકાશ કરવા ઈચ્છતા અને જીવનમાં કોઈ ને કોઈ પ્રકારની સીદ્ધિ મેળવવા ઈચ્છતા મનુષ્યના જીવનમાં ધ્યેય હોવું જરુરિ છે. ધ્યેય વિનાનું - લક્ષ્યવીહોણૂ જીવન દીશાવીહિન નાવ જેવું છે ! જીવનમાં ધ્યેય હોય એટલું પુરતૂ નથી ? જો નીચું ધ્યેય હોય તો જીવનમાં ઉંચિ સીદ્ધિ કયાંથી મળી શકે.

૫ તમારા વિસ્તારમાં અવારનવાર થતી ચોરીઓ અટકાવવા માટે ઘટતું કરવા યોગ્ય અધિકારીને પત્ર લખો. ૧૫

**અથવા**

૫ તમારા વિસ્તારના, 'સાર્વજનિક મ્યુનિસિપલ ગાર્ડન'માં કેટલાક સમયથી અસામાજિક તત્ત્વોનો અડ્ડો જામ્યો છે. તેથી ગાર્ડનમાં સહકુટુંબ ફરવા આવતા તથા સ્વાસ્થ્ય માટે સવાર-સાંજ ચાલવા માટે આવતા ભાઈ-બહેનો સંકોચ અનુભવે છે. તો આ બદી (ન્યૂસન્સ) દૂર કરવા નગરપાલિકાના પ્રમુખશ્રીને વિગતે એક પત્ર લખો. ૧૫

---